જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ
જાહેરાત

જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ ખાતે હિસાબી શાખા માટે હિસાબી અધિકારીની ૦૧ (એક) ખાલી જગ્યા ભરવા માટે ૬૪ વર્ષ સુધી વય ધરાવતાં સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલ અધિકારીને ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. રસ ધરાવતાં ઈચ્છુક અધિકારીએ સદર જગ્યા ન ભરાય ત્યાં સુધી હવે પછીના પ્રત્યેક મંગળવારે સવારે ૧૧:૦૦ કલાકે પોતાની અરજી તથા સાધનીક પુરાવા સાથે નીચે સહી કરનારની કચેરી ખાતે ઈન્ટરવ્યુ માટે હાજર રહેવાનું રહેશે.

શરતોઃ

(૧) હિસાબી અધિકારીના ઉમેદવાર વર્ગ-૧ અથવા વર્ગ-૨ના સંવર્ગમાં સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલ હોવા જોઈએ.

(૨) ઉમેદવારની ઉંમર મહત્તમ ૬૪ વર્ષની હોવી જોઈએ.

ઈન્ટરવ્યુ માટેનું સ્થળઃ-
ડીનશ્રીની કચેરી,
જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ, હાલર રોડ, નનકવાડા,
વલસાડ ૩૯૬૦૦૧

ફોન નં. ૬૩૫૯૯૯૪૭૦૪/ ૬૩૫૯૯૯૪૭૦૧

અરજીનો સ્વીકાર કરવો કે અસ્વીકાર કરવો તેનો તમામ હક્ક સમિતિને અબાધિત રહેશે અને સદર બાબતે કોઈપણ કારણો આપવામાં આવશે નહિ.

સ્થળઃ વલસાડ, ડીન
તારીખઃ ૦૧/૦૭/૨૬. જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ
નં. માહિતી/વલસાડ/૨૨૨/૨૦૨૬ વલસાડ

ૠણ વસૂલી અધિકારી—II
ભારત સરકાર (નાણાં મંત્રાલય)
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ—૩૮૦૦૦૬.
ટેલી.નં.૦૭૯—૨૬૫૭૯૩૪૩, ફેક્સ : ૦૭૯—૨૬૫૭૯૩૪૧
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમ ૩૩(૨)]

આર.પી/આર.સી. નં.	૨૦૦/૨૦૧૪	ઓ.એ. નં.	૧૮૭/૨૦૧૩
પંજાબ નેશનલ બેંક		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરૂધ્ધ			
શ્રી પ્રવિણભાઈ એમ. બલાર		પ્રમાણીત દેવાદાર	

માંગણા નોટીસ

પ્રતિ,
પ્રમાણીત દેવાદાર નં. ૧ : પ્રવિણભાઈ એમ. બલાર, ઝેની ક્રિએશન ના માલિક
૮, ક્રિષ્ણા નગર સોસાયટી, લક્ષ્મી હોટલ નજીક, વરાછા મેઈન રોડ, સુરત
અને પ્લોટ નં.૧૧, મારૂતી ગોડાઉન, કેન્સર હોસ્પીટલ નજીક, સારોલી, સુરત.

માનનીય મુખ્ય ઓફિસર, ડેબ્ટ્સ રિકવરી ટ્રીબ્યુનલ—II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ ઓ.એ.નં.૧૮૭/૨૦૧૩ માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને રૂા.૨૯,૭૯,૦૬૪.૪૧/— (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ ઓગણાએંસી હજાર ચોસઠ અને એકતાલીસ પૈસા પુરા) ની રકમ તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ ના અને તા.૧૫.૦૫.૨૦૧૩ ના રોજથી વધારાના વ્યાજ વત્તા ખર્ચના રૂા.૫૭,૦૦૦/— સહિત તમારી સામે બાકી છે. જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે.

અહીં તમને જણાવવમાં આવે છે કે ઉપરોકત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસૂર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.

વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.

(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર કોસ્ટ અને વ્યાજ

(b) બાકી રકમની વસુલાત માટે થતા તમામ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.

મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું ૨૭.૦૩.૨૦૨૬

આગળની સુનાવણીની તારીખ : ૦૭.૦૭.૨૦૨૬ — સિક્કો — (અનુભા દુબે) વસુલી અધિકારી—II ૠણ વસૂલી અધિકરણ—II, અમદાવાદ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ઈચ્છાપોર શાખા : પ્લોટ નં. ૭—૮ જયરાજ વસાહત, બસ સ્ટોપ નં.૩, હજીરા રોડ, ઈચ્છાપોર સુરત—૩૯૪૫૧૦
Email : ichhap@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮(૧) હેઠળ)

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ તા.૨૧.૦૪.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદાર/જામીનદાર શ્રીમતી સમ્મિતાબેન સરોજકુમાર શાહ (દેવાદાર અને ગીરવેદાર) અને શ્રી કમલેશભાઈ રામાભાઈ પટેલ(જામીનદાર) ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ રૂા.૨૨,૫૩,૦૨૬.૯૪ (અંકે રૂા. બાવીસ લાખ ત્રેપન હજાર છવ્વીસ અને ચોરાણું પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને અન્ય ખર્ચો આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તા. ૦૨જી જુલાઈ ૨૦૨૬ ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડાની રકમ રૂા.૨૨,૫૩,૦૨૬.૯૪ વત્તા તેના પરનું વ્યાજ અને અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત 'તિરૂપતી રો હાઉસ', નો પ્લોટ નં.૧૫ જેનું આશરે માપ ૭૪.૦૦ ચો.મી. ભોયતળિયું + ૧લો અને ૨જો માળ બાંધકામ સાથે કુલ માપ ૧૫૫.૪૦ ચો.મી, કારપેટ એરિયા ૧૮૬.૪૮ ચો.મી, બિલ્ટઅપ એરિયાના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા રોડ અને સીઓપી જમીન નો રે.સ.નં. ૩૬ માપ ૧૨૦૩૯.૦૦ ચો.મી ગામ. મોરા, સબ ડિસ્ટ્રીક ચોર્યાસી,જી. સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : પૂર્વ તરફઃ જોડેનો પ્લોટ નં. ૨૮, પશ્ચિમ તરફઃ સોસાયટી નો આંતરીક રોડ, ઉત્તર તરફઃ જોડેનો પ્લોટ નં.૧૬, દક્ષિણ તરફઃ જોડનો પ્લોટ નં.૧૪,

તા. ૦૨/૦૭/૨૦૨૬ । સ્થળ : સુરત. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઈચ્છાપોર શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ઈચ્છાપોર શાખા : પ્લોટ નં. ૭—૮ જયરાજ વસાહત, બસ સ્ટોપ નં.૩, હજીરા રોડ ઈચ્છાપોર સુરત—૩૯૪૫૧૦
Email : ichhap@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ના ૨૦૦૨) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ તા.૨૧.૦૪.૨૦૨૬ ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી દેવાદાર/જામીનદાર શ્રીમતી સમ્મિતાબેન સરોજકુમાર શાહ (દેવાદાર અને ગીરવેદાર) અને શ્રી કમલેશભાઈ રામાભાઈ પટેલ(જામીનદાર) ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ રૂા.૨૨,૪૭,૮૮૨.૭૧ (અંકે રૂા. બાવીસ લાખ સુડતાલીસ હજાર આઠસો બ્યાંશી અને ઈકોત્તેર પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને અન્ય ખર્ચો આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તા. ૦૨જી જુલાઈ ૨૦૨૬ ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે બેંક ઓફ બરોડાની રકમ રૂા.૨૨,૪૭,૮૮૨.૭૧ વત્તા તેના પરનું વ્યાજ અને અન્ય ચાર્જીસને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત 'તિરૂપતી રો હાઉસ', નો પ્લોટ નં.૧૪ જેનું આશરે માપ ૮૧.૦૦ ચો.મી ભોયતળિયું + ૧લો અને ૨જો માળ બાંધકામ સાથે કુલ માપ ૧૭૦.૧૦ ચો.મી, કારપેટ એરિયા ૨૦૪.૧૨ ચો.મી, બિલ્ટઅપ એરિયાના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા રોડ અને સીઓપી જમીન નો રે.સ.નં. ૩૬ માપ ૧૨૦૩૯.૦૦ ચો.મી ગામ. મોરા, સબ ડિસ્ટ્રીક ચોર્યાસી,જી. સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : પૂર્વ તરફઃ જોડેનો પ્લોટ નં. ૨૯, પશ્ચિમ તરફઃ સોસાયટી નો આંતરીક રોડ, ઉત્તર તરફઃ જોડેનો પ્લોટ નં.૧૫, દક્ષિણ તરફઃ જોડનો રોડ,

તા. ૦૨/૦૭/૨૦૨૬ । સ્થળ : સુરત. અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઈચ્છાપોર શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
જીએનએફસી કોમ્પલેક્ષ શાખા : જીઆઈડીસી, મીપકો ચોકડી નજીક, પો.નર્મદાનગર,જી. ભરૂચ પીન —૩૯૨૦૧૫ ગુજરાત (ઈન્ડીયા)
ફોન.:૦૨૬૪૨ ૨૪૬૯૦૦ email ID : gnfcom@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ—સેક્શન (૨) હેઠળ દેવાદાર ને નોટીસ

શ્રી હજારીલાલ ખતના (દેવાદાર અને ગીરવેદાર)
શ્રીમતી સુનિતા ગુર્જર (દેવાદાર અને ગીરવેદાર) :
ઘર નં.૧૪૬, 'સાંઈ વાટીકા', ગામ. નૌગામા, તા. અંકલેશ્વર, જી.ભરૂચ—૩૯૩૦૧૦.

સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨, (હવે પછી 'એક્ટ' તરીકે ઓળખાશે) ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ એકાઉન્ટઃ શ્રી હજારીલાલ ખતના અને શ્રીમતી સુનિતા ગુર્જર ખાતા નં.૧૩૧૪૦૬૦૦૦૦૩૦૮૦

મહેરબાનશ્રી,

વિષય : અમારી જીએનએફસી શાખામાં થી મેળવેલ કેડીટ સુવિધા.

અમારા તા. ૧૮.૦૧.૨૦૨૫ ના પત્ર ક્રમાંક માં Retail-00003109784-LMS બેંકની બાકી અંગે ના પત્રના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/કેડીક સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ રૂા.માં	વ્યાજનો દર	તા. ૧૨.૦૫.૨૦૨૬ ના રોજ બાકી લેણાં	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
ટર્મ લોન (હોમ લોન)	રૂા. ૧૨.૫૦ લાખ	૦૮.૧૦%	રૂા.૧૨,૧૪,૭૮૫/— + લાગુ નહી કરેલ વ્યાજ + અન્ય ચાર્જીસ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી બહુ હેતુક બિનખેતી જમીન રે સર્વે નં.૧૬૭ પૈકી માપ ૧૮૪૦૦.૦૦ ચો.મી, 'સાંઈ વાટીકા' નામની સ્કીમ નો પ્લોટ નં.૧૪૬ મંજૂર મુજબ પ્લોટ માપ ૭૯.૨૫ ચો.મી, વેચાણ દસ્તાવેજ મુજબ ૭૮.૪૭ ચો.મી વરાડે ૫૪.૯૩ તેના પર થયેલ ૪૮.૭૯ ચો.મી ના બાંધકામ સહિત કુલ માપ ૧૩૩.૪૦ ચો.મી, કેજે સીટી સર્વે નં. એનએ૧૬૭/૧૪૬, એન.એ જમીન નો ગામ. નૌગામા, તા.અંકલેશ્વર, જી.ભરૂચ, (ગુજરાત) ખાતે ૧) હજારીલાલ ખતના તે માલારામ ખતના ના પુત્ર ૨) સુનિતા ગુર્જર તે હજારીલાલ સી/ઓ માલીકીની આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : સોસાયટીનો કોમન પ્લોટ, પશ્ચિમ તરફ : સોસાયટી નું ઘર નં.૧૪૫, ઉત્તર તરફ : સોસાયટી નો કોમન પ્લોટ, દક્ષિણ તરફ : સોસાયટી નો આંતરીક રોડ આવેલ છે.
કુલ :	રૂા.૧૨.૫૦ લાખ		રૂા.૧૨,૧૪,૭૮૫/—	

૧. તા.૨૭.૦૨.૨૦૨૫ ના રોજ ના ટર્મ લોન ૧૩૧૪૦૬૦૦૦૦૩૦૮૦ કરારના દસ્તાવેજોમાં, તમે તા.૨૭.૦૨.૨૦૨૫ ના રોજ બેંક પ્રત્યેની તમારી રૂા. ૧૨.૫૦ લાખની જવાબદારી સ્વીકારી છે. અને ઉપરોક્ત બાકી રકમ માં તા.૧૧.૦૫.૨૦૨૬ સુધી ના વધારાના ડ્રોઈંગ વ્યાજની સમાવેશ થાય છે અને ખાતામાંથી ડેબિટ થયેલ અન્ય ચાર્જીસ રૂા. શૂન્ય છે. ૨. તમે જાણો છો કે તમે ઉપરોક્ત લોન/બાકી રકમ પર વ્યાજની ચુકવણીમાં કસુર કર્યો છે અને તમે તા. ૧૧.૦૩.૨૦૨૬ ના અંત સુધી માં ટર્મ લોન / ડિમાન્ડ લોનના હપ્તાઓની ચુકવણી કરવામાં કસુર કરેલ છે.૩. તમે કરેલ કસુર બદલ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ તમારૂ ટર્મ લોન એકાઉન્ટ તા.૧૧.૦૫.૨૦૨૬ ના રોજ નોન—પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદત વિતી લોન અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪.લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા—૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન—પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની રૂા.૧૨,૧૪,૭૮૫/— (રૂપિયા બાર લાખ ચૌદ હજાર સાતસો પંચ્યાશી પુરા) ની જવાબદારી પેરા—૧ માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ૠણ સુવિધા માટે પેરા—૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે.૬. તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ—૧૩ ની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા—૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.૭. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત—જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૮.કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૧૦.૦૬.૨૦૨૬ । સ્થળ : ભરૂચ અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, જીએનએફસી કોમ્પલેક્ષ શાખા.

અનુસંધાન... પાના પહેલાનું

સૌથી વધુ...

સ્થળોએ વરસાદ નોંધાયો હતો, જ્યારે કચ્છમાં મોટાભાગે વાતાવરણ સૂકું રહ્યું હતું. સુરત, વલસાડ, દમણ, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં અતિ ભારે વરસાદ નોંધાયો હતો. જ્યારે તાપી, નર્મદા, નવસારી, દાદરા અને નગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો. આગામી દિવસોની આગાહી મુજબ 3થી 6 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર અને અમરેલી જિલ્લાના વિવિધ દિવસોમાં પણ રેડ એલર્ટ જાહેર કરાયું છે. 7થી 9 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ તથા સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. ગુરુવારે અમદાવાદમાં 40 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટ, ગાંધીનગર, કંડલા એરપોર્ટ અને ડીસામાં 39 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 38 ડિગ્રી તથા ભૂજમાં 37 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના વિવિધ...

વિભાગે જણાવ્યું છે કે, હાલ સક્રિય તમામ હવામાનીય પરિબળોની સંયુક્ત અસરને કારણે રાજ્યમાં વ્યાપક વરસાદી માહોલ સર્જાશે. દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના સ્થળોએ જ્યારે સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદીઓમાં જળસ્તર વધવા અને કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા હોવાથી સ્થાનિક તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભારે પવન અને ઉગ્ર સમુદ્રની સ્થિતિની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના પગલે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે. સાથે જ નાગરિકોને પણ હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખી જરૂરી સાવચેતી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરવામાં આવી છે.

इंडियन बैंक Indian Bank ઝોનલ ઓફિસ, વેસુ, સુરત.
ઈ-હરાજી નોટીસ નો સુધારો

આ સુધારો તા.૦૨/૦૭/૨૦૨૬ના રોજ બિઝનેશ સ્ટાર્ટ-અમદાવાદ આવૃત્તિ પાના નં.૨૧ અને ગુજરાત મિત્ર-સુરત આવૃત્તિના પાના નં.૦૩ પર સુરત ઝોનલ ઓફિસ, સુરતની ઈ-હરાજી નોટીસ પ્રસિધ્ધ થઈ હતી તે સંદર્ભે છે. સદરહુ નોટીસ ના ક્રમ નં ૧ અડાજણ શાખા ખાતુઃ શ્રી પ્રકાશ ઉત્તેકર અને ૨ અંકલેશ્વર શાખા ખાતુઃ મેસર્સ કોમલ ઈન્ડસ્ટ્રીઝ ની મિલકતના કબજાનો પ્રકાર પ્રત્યક્ષ ને બદલે સાંકેતિક વાંચવો. તારીખ ૦૨/૦૭/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ બાકીની તમામ વિગતો અને વર્ણન નોટીસમાં જણાવ્યા મુજબ યથાવત રહેશે.

સ્થળ : સુરત, તારીખ :૦૨/૦૭/૨૦૨૬ — અધિકૃત અધિકારી, ઈન્ડિયન બેંક.

પેટ્રોલ-ડીઝલના...

નિયંત્રણ છે. સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)એ કિંમતોમાં કોઈ ફેરફાર કર્યો નથી. દેશની સૌથી મોટી પ્રાઈવેટ ફ્યુઅલ રિટેલર કંપની નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં 5 રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલમાં 3 રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો છે. હવે ભોપાલમાં નાયરાના પેટ્રોલની કિંમત 119.79 રૂપિયાથી ઘટીને 114.79 રૂપિયા અને ડીઝલ 102.57 રૂપિયાથી ઘટીને 99.57 રૂપિયા પર આવી ગયું છે.

સુપ્રીમ લીડર...

આવી છે જ્યારે ઈરાનના શાસક મૌલવીઓ આયતોલ્લા અલી ખામેનેઈ માટે દિવસો સુધી ચાલનારી સામૂહિક અંતિમ સંસ્કારની વિધિઓની તૈયારી કરી રહ્યા છે, જેથી ઈસ્લામિક રિપબ્લિક પ્રત્યે જનતાની શ્રદ્ધા પ્રદર્શિત કરી શકાય અને એ સાબિત કરી શકાય કે તેનો ક્રાંતિકારી જુસ્સો હજુ પણ મજબૂત છે. યુદ્ધના પ્રથમ હુમલામાં અમેરિકા અને ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેઓ માર્યા ગયા હતા.

હવે બોર્ડના...

તકો અને 'એડેપ્ટિવ ઓન-ડિમાન્ડ કમ્પ્યુટર-આધારિત પરીક્ષાઓ' તરફ ક્રમશઃ આગળ વધવાનો સમાવેશ થાય છે. હાલના સમયમાં, મેડિકલ અને એન્જિનિયરિંગમાં એડમિશન સંપૂર્ણપણે પ્રવેશ પરીક્ષાના સ્કોર્સ પર આધારિત હોય છે અને ઉમેદવારોએ આ પ્રવેશ પરીક્ષાઓ આપવા માટે પાત્ર બનવા બોર્ડની પરીક્ષાઓમાં માત્ર પાસિંગ કે ક્વોલિફાઈંગ ટકાવારી મેળવવાની જરૂર રહે છે. આ સુધારાઓ પર શિક્ષણ મંત્રાલય દ્વારા ગયા વર્ષે રચવામાં આવેલી નવ સભ્યોની સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. આ સમિતિની સ્થાપના કોચિંગ ક્લાસો પર વિદ્યાર્થીઓની વધતી નિર્ભરતા, ડમી સ્કૂલોના વ્યાપ અને પ્રવેશ પરીક્ષાઓમાં નિષ્પક્ષતાની તપાસ કરવા માટે કરવામાં આવી હતી.

મુંબઈમાં ખુલ્લી...

કારણે થયેલું આ બીજું મોત છે. બીએમસીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, મેયર રીતુ તાવડેએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને મૃતકના પરિવાર માટે ૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે અને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે. બીએમસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્રણ કોન્ટ્રાક્ટ કર્મચારીઓ ખારિયાણી રોડ પર ગટર લાઇન પરના મેનહોલ પર રક્ષણાત્મક ગ્રીલ લગાવવા માટે મેનહોલનું ઢાંકણું હટાવી રહ્યા હતા, તે દરમિયાન કથિત રીતે મોબાઈલ ફોન પર વાત કરી રહેલો આ માણસ અકસ્માતે ખુલ્લા મેનહોલમાં પડી ગયો હતો.

વોટ્સએપ પછી...

આવી હતી કે તેનાથી ઓનલાઇન છેતરપિંડી, ફિશિંગ, ડિજિટલ અરેસ્ટ સ્કેમ અને ઇમ્પર્સનેશનના હુમલાઓ નોંધપાત્ર રીતે વધી શકે છે. સરકારે વોટ્સએપને આ મુદ્દે પરામર્શ સરકારના સંતોષ મુજબ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ફીચરને સ્થગિત રાખવા માટે પણ નિર્દેશ આપ્યો હતો. સરકારે હવે અન્ય મેસેજિંગ પ્લેટફોર્મ્સ પર પણ પોતાની તપાસ લંબાવી છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, આઇટી મંત્રાલયે ટેલિગ્રામ અને સિગ્નલને પણ પત્ર લખ્યો છે - જેઓ પહેલાથી જ યુઝરનેમ ફીચર ધરાવે છે - અને પૂછ્યું છે કે, તેમના દ્વારા છેતરપિંડી અને ઇમ્પર્સનેશનની ચિંતાઓને કેવી રીતે દૂર કરી રહી છે. દરમ્યાન, ઝોહોના ટેકાવાળા સ્વદેશી મેસેજિંગ પ્લેટફોર્મ અરાત્તાઇએ જણાવ્યું છે કે દેશના નિયમોનું પાલન કરવા તે યુઝરનેમ ફીચર કાઢી નાખશે. સરકારી સૂત્રોએ જણાવ્યું છે કે વોટ્સએપ અને ટેલિગ્રામના કેસોમાં ફેર છે. ટેલિગ્રામમાં પહેલાથી આ ફીચર છે જ્યારે વોટ્સએપ તે શરૂ કરવા જઇ રહ્યું છે. વળી, ભારતમાં વોટ્સએપના વપરાશકારો ટેલિગ્રામ કરતા ઘણા વધારે છે.

દેશના અનેક...

જ્યારે થાણેના મુંબ્રામાં ખાડામાં પડેલા વાયરને કારણે એક યુવતિને કરંટ લાગતા તેનું મૃત્યું થયું હતું. ચોમાસાએ ગુરુવારે ૭ દિવસના વિલંબ સાથે રાજસ્થાનમાં અને ૫ દિવસના વિલંબ સાથે દિલ્હીમાં દસ્તક આપી છે. દિલ્હીમાં આજે સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. રાજસ્થાનના જયપુર-દૌસા સહિત ૨૫ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતના પણ કેટલાક ભાગમાં ભારે વરસાદ પડ્યો છે.

માનવ ઇતિહાસમાં...

જૈવિક ફેક્ટરીઓ તરીકે કામ કરીને, દવાઓ અને અન્ય રસાયણોનું ઉત્પાદન કરીને તબીબી ક્ષેત્રે ક્રાંતિ લાવી શકે છે. હાલના કોષોને તોડીને ફરીથી બનાવવાને બદલે, આ લગભગ-જીવંત પરપોટા માત્ર કૃત્રિમ રસાયણોમાંથી બનાવવામાં આવ્યા છે. બધા જીવંત સજીવોની જેમ, સ્પડસેલમાં પણ ડીએનએની શૃંખલાઓ આવેલી છે, જેમાં કોષને જીવંત રહેવા માટે જરૂરી તમામ પ્રોટીન બનાવવા માટેની સૂચનાઓ હોય છે. તેના DNAમાં તે ખોરાકનો ઉપયોગ કરીને તેના આનુવંશિક કોડની નકલો બનાવવા માટેની સૂચનાઓ હોય છે, જે તેને પ્રજનન માટે તૈયાર કરે છે. આ કોષો એક પ્રોટીન વડે તેમની પટલને ભરીને વિભાજનનું એક મૂળભૂત સ્વરૂપ પણ અપનાવી શકે છે, જે એક અપાકર્ષણ બળ પેદા કરે છે, જે અનિવાર્યપણે કોષને કિનારીઓથી અલગ કરી નાખે છે. સૌથી પ્રભાવશાળી બાબત એ છે કે, આ કોષો બહુવિધ પેઢીઓ દરમિયાન કુદરતી પસંદગીના એક સ્વરૂપ માટે પણ સક્ષમ હોવાનું જણાય છે. એક પ્રી-પ્રિન્ટ પેપરમાં આ પ્રયોગની વિગતો આપવામાં આવી છે. આ વિભાવનાને વધુ વિકસાવવા માટે, પ્રોફેસર અડામાલા અને તેમના સહ-લેખકોએ 'બાયોટિક' નામની જાહેર-લાભ સંશોધન સંસ્થાની સ્થાપના કરી છે. જો કે, પ્રોફેસર અડામાલા ચેતવણી આપે છે કે આનો અર્થ એ નથી કે સ્પડસેલ્સ જીવંત છે. આ પ્રક્રિયાને ઉત્ક્રાંતિ કહી શકાય નહીં કારણ કે સંશોધકોએ આ ઉત્પરિવર્તન કુદરતી રીતે ઉદ્ભવવા દેવાને બદલે બહારથી દાખલ કરવું પડ્યું હતું.

ખામેનીના અંતિમ...

છે. અંતિમ સંસ્કારની વિધિઓ 4 જુલાઈથી 9 જુલાઈ 2026 સુધી તેહરાન, કોમ અને મશહદ શહેરોમાં થશે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના અધ્યક્ષ મહેબૂબા મુફ્તીએ ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના અંતિમ સંસ્કારમાં સામેલ થવાનું સત્તાવાર આમંત્રણ સ્વીકારી લીધું છે અને તેઓ ઈરાન જશે. જ્યારે વિદેશ મંત્રાલયે ગુરુવારે જાહેરાત કરી હતી કે, વિદેશ રાજ્ય મંત્રી પબિત્રા માર્ગરિટા અને બિહારના રાજ્યપાલ સૈયદ અતા હસનૈન ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામનીની દફનવિધિ સહિતની વિધિઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે શુક્રવારે ઈરાન જશે.

સુરત મહાનગરપાલિકા
જાહેર વિજ્ઞપ્તિ
FIT INDIA

સ્ટ્રીટ વેન્ડર્સના અધતન સર્વેમાં કોઈ પણ સ્ટ્રીટ વેન્ડર વંચિત ન રહે તે અંગે જાહેર અપીલ

સુરત શહેર વિસ્તારમાં ધી સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેકશન ઓફ લાઈવલીહુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડિંગ) એકટ-૨૦૧૪ અંતર્ગત સરકારશ્રીના નિયમો તથા ગાઈડલાઈન અનુસાર સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયુકત કન્સલટન્ટ એજન્સી અથર્વ પ્લાનીંગ એન્ડ રિસચ સેન્ટર પ્રા. લિ., અમદાવાદ દ્વારા સ્ટ્રીટ વેન્ડર્સનો અધતન સર્વે, ઓળખપત્ર (આઈ-કાર્ડ) વિતરણ તથા સીટી સ્ટ્રીટ વેન્ડિંગ પ્લાન તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ અંતર્ગત શેરી ફેરિયાઓના સર્વે માં શેરી ફેરિયાઓની માહિતી જેવી કે, ફેરિયાનું નામ, સરનામું, અંગુઠાનું નિશાન, ઓળખના પુરાવાઓ, રહેઠાણના પુરાવાઓ, ફોટોગ્રાફ વિગેરે જેવી ફેરીયાઓની જરૂરી માહિતી એકત્રિત કરવાની કામગીરી કાર્યરત છે.

આ કામગીરી અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારના કોઈ પણ પાત્ર સ્ટ્રીટ વેન્ડર્સ સર્વેથી વંચિત ન રહી જાય તે હેતુસર તમામ સ્ટ્રીટ વેન્ડર્સને આથી જાહેર કરવામાં આવે છે કે, જે સ્ટ્રીટ વેન્ડર્સનો સર્વે હજુ સુધી કરવામાં આવ્યો ન હોય અથવા કોઈ કારણસર સર્વેમાં સમાવેશ થયો ન હોય, તો તેમણે જરૂરી પુરાવાઓ સાથે પોતાના વ્યવસાયના સ્થળને સંબંધિત સુરત મહાનગરપાલિકાની ઝોન કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી સ્ટ્રીટ વેન્ડર્સના સર્વેમાં પોતાની નોંધણી કરાવવા જણાવવામાં આવે છે.

નં.પીઆરઓ/૧૧૧/૨૦૨૬-૨૭ — ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર
તા. ૦૨/૦૭/૨૦૨૬ — સુરત મહાનગરપાલિકા

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, નીચે દર્શાવેલ ઉધારલેનાર ના નામ અને સરનામા ના એ બેંક ઓફ બરોડા, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બ્રાંચ અંકલેશ્વર, તાલુકા. અંકલેશ્વર, જી.ભરૂચ માંથી, માંગવામાં આવેલી લોન/ કેડિટ સુવિધા માટે સદર મિલકતને ગીરવે (સિક્યુરિટી) તરીકે સ્વીકારવાની ઈચ્છા ધરાવે છે.

જો કોઈવ્યક્તિને ઉપરોક્ત મિલકત અંગે કોઈપણ પ્રકારનો હક, માલિકી, હિત અથવા દાવો હોય, તો તેઓએ આ નોટીસના પ્રકાશનથી ૧૦ (દસ) દિવસની અંદર જરૂરી પુરાવાઓ સાથે બેંકનો સંપર્ક કરવો.

જો નિર્ધારિત ૧૦(દસ) દિવસની અવધિમાં કોઈ પ્રતિસાદ પ્રાપ્ત ન થાય, તો એવું માનવામાં આવશે કે ઉપરોક્ત મિલકત કોઈપણ પ્રકારના બોજા, દાવો અથવા અવરોધથી મુક્ત છે અને અમારી બેંક ઓફ બરોડા ગીરવેની કાર્યવાહી આગળ વધારશે.(મોર્ગેજની શરતો અને નિયમો ને આધીન)

દેવાદાર અને ગીરવેદાર ના નામ : શ્રીમતી પ્રભાબેન ઈશ્વરભાઈ ચાલોડિયા અને શ્રી ચાલોડિયા ઈશ્વરભાઈ પરસોત્તમભાઈ અને શ્રીમતી ચાલોડિયા ગોપી દર્શન અને શ્રીમતી દિપાલી ધિરેન ચાલોડિયા અને શ્રી ચાલોડિયા ધિરેન વિપુલભાઈ અને શ્રી ચાલોડિયા દર્શન ઈશ્વરભાઈ અને શ્રી ચાલોડિયા વિપુલભાઈ પરસોત્તમભાઈ અને શ્રીમતી ચાલોડિયા જયાબેન વિપુલભાઈ

દેવાદાર નું સરનામુ : પ્લોટ નં.૧૦ અને ૧૫ સીટીલાઈટ સોસાયટી ગામ.ઉમરા, સીટીલાઈટ મ્યુનીશીપાલટી, સુરત શહેર, જી.સુરત. રાજ્ય/પ્રદેશ ગુજરાત,ભારત દેશ, પીનકોડ —૩૯૫૦૦૭

મિલકતનું સરનામું : પ્લોટ નં.૧૦ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત કે જે સીટીલાઈટ સોસાયટી નામથી જાણીતી હાઉસીંગ એસ્ટેટમાં ઘર પ્લોટ નં.— ૧૦ (સીટી સર્વે નં. ૨૯૧—એ—૩ પૈકી માપ ૨૩૬.૭૩ ચો.મી અને ૨૯૧—એ—૬ પૈકી માપ ૧૩૨.૯૦ ચો.મી) માપ ૩૬૯.૬૩ ચો.મી અને તેના પર બંધાયેલ ૧૯૩.૪૨ ચો.મી નું રહેણાંકનું ઘર જે સીટી સર્વે ૨૯૧—એ—૧ થી ૨૯૧—એ—૩ અને ૨૯૧—એ—૬ થી ૨૯૧—એ—૧૧ વોર્ડ નં. ઉમરા એફ.પી નં.૯૬, ટી.પી.સ્કીમ નં.—૫ રેવન્યુ સર્વે નં.૫૯ પૈકી, ઉમરા ગામ અને સીટી લાઈટ, મ્યુનીસીપલ કોર્પોરેશન, સુરત શહેર જી. સુરત, ગુજરાત રાજ્ય, ભારતદેશ પીન કોડ નં. —૩૯૫૦૦૭ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : પૂર્વે : પ્લોટ નં.૧૧ ની હદ, પશ્ચિમે : ખુલ્લો પ્લોટ રે.સ.નં. ૨૯૧ પૈકી, ઉત્તરે : રોડ, દક્ષિણે : પ્લોટ નં.૧૫ની હદ આવેલ છે.

પ્લોટ નં.૧૫ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંકની મિલકત કે જે સીટીલાઈટ સોસાયટી નામથી જાણીતી હાઉસીંગ એસ્ટેટમાં ઘર પ્લોટ નં.— ૧૫, માપ ૩૬૯.૬૩ ચો.મી (સીટી સર્વે નં. ૨૯૧—એ—૬ પૈકી માપ ૩૬૯.૬૩ ચો.મી) તેના પર બંધાયેલ ૧૯૩.૪૨ ચો.મી નું રહેણાંકનું ઘર જે સીટી સર્વે ૨૯૧—એ—૧ થી ૨૯૧—એ—૩ અને ૨૯૧—એ—૬ થી ૨૯૧—એ—૧૧ વોર્ડ નં.ઉમરા એફ.પી નં.૯૬, ટી.પી.સ્કીમ નં.—૫ રેવન્યુ સર્વે નં.૫૯ પૈકી, ઉમરા ગામ અને સીટી લાઈટ, મ્યુનીસીપલ કોર્પોરેશન, સુરત શહેર જી. સુરત, ગુજરાત રાજ્ય, ભારતદેશ પીન કોડ નં. —૩૯૫૦૦૭ ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : પૂર્વે : પ્લોટ નં.૧૬ ની હદ, પશ્ચિમે : રે.સ.નં. ૨૯૧ની ખુલ્લી જમીન નો ભાગ, ઉત્તરે : પ્લોટ નં.૧૦ ની હદ, દક્ષિણે : રોડ આવેલ છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — તારીખ : ૦૩.૦૭.૨૦૨૬ । સ્થળ : અંકલેશ્વર
અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા : પ્લોટ નં. ૬૭, અવધુત ગેસ એજન્સી પાસે, જીઆઈડીસી અંકલેશ્વર, ભરૂચ— ૩૯૩૦૦૨
સંપર્ક નં.— ૯૦૯૯૦૦૭૪૨૦
શાખા હેડનું નામ — શ્રી મુકેશ કુમાર કૈન, (સહાયક જનરલ મેનેજર)
એડવોકેટનું નામ અને મોબાઈલ નં. એડવોકેટ : આઈ જી શૈખ સંપર્ક નં. — ૮૮૪૯૨૬૫૪૭૫

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત
ALPHA આલ્ફા ૧૦.૦૦, ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે : ૧૦.૧૫
વેલકમ ટુ ધ જંગલ ૧૨.૪૫, ૨.૩૦, ૩.૫૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦
Minions and Monsters 3D હિન્દી : ૧૨.૩૦, ૫.૪૫

APPLE CINEMA ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
આલ્ફા
વેલકમ ટુ ધ જંગલ
બેબી ડુ ડાઈ ડુ (હિન્દી)
કર્મનું રહસ્ય (ગુજરાતી)
બાળકો માટેનું ફેમિલી મનોરંજન
Minions and Monsters (2D હિન્દી)
કોકટેલ-2
અઘરુ છે યાર (ગુજરાતી)
કડકનાથ (ગુજરાતી)
નાગબંધનમ્ (સાઉથનું હિન્દી)
જીંદગી વન્સ મોર (ગુજરાતી)

શ્રી રામમંદિરમાં ચોરીના પ્રકરણે RSSમાં આંતરિક માથાકૂટ શરૂ

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

એવું લાગે છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. પહેલાં કર્ણાટક કોંગ્રેસના નેતા પ્રિયાંક ખડગેએ નોંધણી માટે પત્ર લખીને એક મુદ્દો ઉઠાવ્યો, જેનો તેની પાસે કોઈ જવાબ નથી. હવે, રામ મંદિર દાન પેટીમાં થયેલી ચોરીને વડા પ્રધાનના નજીકના સહયોગી અને ટ્રસ્ટ સાથે સંકળાયેલા નૃપેન્દ્ર મિશ્રા સ્પષ્ટ લૂંટ કહી રહ્યા છે. આ ચોરી બાબતમાં RSS ઊંડી મૂંઝવણમાં છે. જો તેણે તાત્કાલિક પગલાં લીધાં હોત, તો લોકો કહેત કે RSS એ પોતાની ભૂલ સ્વીકારી છે. તેને બદલે મોટી માછલીઓને બચાવવા માટે વિલંબિત કાર્યવાહીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના પોતાના સમર્થકોનો ગુસ્સો વધી રહ્યો છે અને તેઓ ખુલ્લેઆમ પૂછી રહ્યા છે કે RSS કેમ ચૂપ છે? મોહન ભાગવત કેમ ચૂપ છે? આ ચોરી લાખો હિન્દુઓની શ્રદ્ધા સાથે દગો છે અને RSS તેની જવાબદારીમાંથી છટકી શકતું નથી. વાસ્તવમાં રામ મંદિર ચોરીએ RSS ના ચહેરા પરથી પ્રામાણિકતા, પવિત્રતા અને સરળતાનું મહોરું ફાડી નાખ્યું છે. RSS ના સ્વયંસેવકો વિશે એવું કહેવામાં આવતું હતું કે તેઓ નિઃસ્વાર્થપણે હિન્દુ ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. આ ચોરીએ તેમની છબીને હાનિ પહોંચાડી છે, કારણ કે આ કોઈ સામાન્ય ચોરી નથી; તે ભગવાન રામના ઘરમાં ચોરી છે. એ જ રામ, જેના માટે RSS ગર્વથી દાવો કરે છે કે તેણે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે, તેના સ્વયંસેવકોએ લાઠીચાર્જ સહન કર્યો અને મૃત્યુ પામ્યા છે.

શ્રી રામના નામે ભાજપે લાખો લોકોની લાગણીઓનો ઉપયોગ કર્યો અને તેમના મત મેળવ્યા હતા. જે કોઈ 'જય શ્રી રામ'ના નારા ન લગાવતા હતા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવતો હતો. જે લોકો મંદિરનો વિરોધ કરતા હતા તેમને દેશદ્રોહી અને સનાતન વિરોધી તરીકે ઓળખવામાં આવતા હતા. આ બધા પાછળનો સ્પષ્ટ હેતુ મત મેળવવાનો અને કેન્દ્ર અને રાજ્યોમાં સરકારો બનાવવાનો હતો. જાન્યુઆરી ૨૦૨૪ માં રામ મંદિરના ઉદ્ઘાટન સમયે વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે તે ફક્ત એક મંદિર નથી, તે હિન્દુ પુનર્જાગરણનું પ્રતીક છે અને તેને હજારો વર્ષો સુધી યાદ રાખવામાં આવશે. આજે કેન્દ્રમાં ભાજપ સત્તામાં છે અને બે તૃતીયાંશ રાજ્યોમાં ભાજપ અથવા ભાજપતરફી સરકારો છે, જે મુખ્યત્વે હિન્દુ ચેતનામાં ઉદયને કારણે છે.

શ્રી રામ મંદિરમાં ભક્તો તરફથી મળેલા પ્રસાદની ઉચાપતને લઈને નવા ખુલાસાઓથી વિવાદ વધુ ગરમાયો છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને આ મોટાં કૌભાંડ અથવા ચોરીની જાણ આ મામલો જાહેર થયાના ઘણા દિવસો પહેલાં થઈ હતી. જો કે, તે સમયે કોઈ ઔપચારિક પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી ન હતી કે પોલીસને કોઈ માહિતી આપવામાં આવી ન હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયે ૫ જૂને ટ્રસ્ટના કેટલાક સભ્યોને આરોપી અવિનાશ શુક્લાના ઘરે મોકલ્યા હતા. શોધખોળ દરમિયાન ૮૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આ સૂચવે છે કે પોલીસ અધિકારીઓ અને ટ્રસ્ટ બંનેને આ બાબતની પહેલાંથી જ જાણ હતી.

જો કે, ચંપત રાય કે તે પોલીસ અધિકારીઓએ કોઈ FIR દાખલ કરી ન હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે અવિનાશ શુક્લાના ઘરેથી પૈસા મળી આવ્યા પછી ચંપત રાય અને અન્ય લોકો ચૂપ રહ્યા હતા. આ સમાચાર ધીમે ધીમે અયોધ્યા શહેરમાં ફેલાઈ ગયા હતા. ત્યાર બાદ, ભાજપની નજીક ગણાતા એક હિન્દી અખબારે ૭ જૂને રામ મંદિરમાં ચોરી અને રોકડ રકમની રિકવરીના પ્રથમ સમાચાર પ્રકાશિત કર્યા હતા. જો કે તે હિન્દી અખબાર તરફથી આવા સમાચારની અપેક્ષા નહોતી, પરંતુ તે પ્રકાશિત થયા, જેનાથી રામ ભક્તોને આઘાત લાગ્યો હતો. પ્રશ્નો ઊભા થયા કે જો ૫ જૂને કાર્યવાહી પહેલાંથી જ કરવામાં આવી હતી તો કાનૂની પ્રક્રિયામાં વિલંબ કેમ થયો. શું ચંપત રાયના માણસો દ્વારા ટ્રસ્ટમાં જમા કરાયેલા પૈસા પાછા મેળવવામાં આવ્યા હતા? શું રામ મંદિરના કર્મચારી અવિનાશ શુક્લાના લોભને કારણે તે વધુ રોકડ ચોરી કરવા તરફ ફંટાઈ ગયો કે પોતાના હિસ્સા માટે વધુ પૈસા લેવા લાગ્યો? આ પ્રશ્નો ૫ જૂનની ઘટના અંગે ઊભા થઈ રહ્યા છે.

આરોપી અવિનાશ શુક્લા જ્યાં કામ કરતો હતો તે યોગ કેન્દ્રમાંથી 'રામરાજ્ય કોષ'નામની એક પેટી મળી આવી છે, જે સૂચવે છે કે આવી સંખ્યાબંધ પેટીઓ રામ મંદિરમાં રાખવામાં આવી હતી. તેમાં કરોડો રૂપિયાનું દાન આવતું હતું. આ પેટીઓ પર એક Paytm QR કોડ પણ છપાયેલો મળી આવ્યો હતો. પોલીસ હવે આ QR કોડ સાથે જોડાયેલાં બેંક ખાતાંઓ અને તેના દ્વારા કરવામાં આવેલા તમામ ડિજિટલ આર્થિક વ્યવહારોના ઇતિહાસની તપાસ કરી રહી છે, જેથી ગેરકાયદેસર દાનનો સ્રોત શોધી શકાય. તેઓ 'રામરાજ્ય કોષ'ની રચના પાછળના માસ્ટરમાઇન્ડ સુધી પહોંચવા માંગે છે. અવિનાશ શુક્લાના ઇતિહાસ વિશે કેટલીક મહત્ત્વપૂર્ણ વિગતો બહાર આવી છે. અવિનાશ લગભગ દોઢ વર્ષ પહેલાં આ વિસ્તારમાં આવ્યો હતો અને તેણે આ યોગકેન્દ્રમાં આશ્રય લીધો હતો. યોગકેન્દ્રમાં રહીને તેણે વ્યવસ્થિત રીતે રામ મંદિરમાં નોકરી મેળવી હતી. અવિનાશ શુક્લા એ આઠ આરોપીઓમાંનો એક છે, જેમને રામ મંદિરમાં રોકડની ગણતરી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. જ્યારે SBI અવિનાશ શુક્લા સહિત તમામ આઠ વ્યક્તિઓને દૂર કરવા માંગતી હતી, ત્યારે રામ મંદિર ટ્રસ્ટે તેમને ન કાઢવા માટે દબાણ કર્યું હતું.

RSS ની વાત પર પાછા ફરીએ તો ૨૦૧૪ થી સંઘ પરિવારનું સ્વરૂપ અને દરજ્જો બંને બદલાયાં છે. જે સ્વયંસેવકો કુર્તા પાયજામા પહેરતા હતા, સુટકેસમાં રહેતા હતા, ટ્રેનમાં મુસાફરી કરતા હતા અને શેકેલા ચણા ખાતા હતા, તેમણે આજે સદાચારી વર્તન છોડી દીધું છે અને વૈભવી વસ્તુઓનો આશરો લીધો છે. તેઓ વિમાનના બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરે છે કે તેમના માટે ખાનગી જેટની વ્યવસ્થા કરવામાં આવે છે. તેઓ હવે પહેલાંની જેમ સ્વયંસેવકોના ઘરે રહેતા નથી, પણ સેવન-સ્ટાર હોટેલમાં પ્રેસિડેન્ટ સ્યુટની માંગણી કરે છે. એવા દિવસો પણ હતા જ્યારે RSS અને BJPના નેતાઓ દિલ્હીમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરવા માટે પત્રકારોને રોકતા હતા. તેઓ પ્રમોદ મહાજન જેવા નેતાઓની ફાઈવ સ્ટાર જીવનશૈલીની ટીકા કરતા હતા.

આજે વાતાવરણ બદલાઈ ગયું છે. જે પક્ષો અને સંગઠનો એક સમયે ચારિત્ર્યશુદ્ધિ અને સરળ વ્યક્તિત્વની વાત કરતા હતા તેઓ હવે રાજકારણમાં શુદ્ધિની હિમાયત કરતા નથી. RSS ના કાર્યાલયો એક સમયે સાદગીનું પ્રતીક હતાં. હવે તે વૈભવી અને ગગનચુંબી ઇમારતોમાં બદલાઈ ગયાં છે. આ ફક્ત એક ઇમારત નથી; તે શક્તિ લાવે છે, જે પરિવર્તનનું પરિણામ છે. આજના સંઘમાં સર્વોચ્ચ મૂલ્ય શક્તિની પૂજા છે, જે સદ્ગુણને ખૂબ પાછળ છોડી દે છે. જે કાર્યકરો વર્ષો સુધી પદની ઇચ્છા વિના કામ કરતા હતા તેઓ હવે પદની દોડમાં છે. પૈસાનું શાસન ચાલે છે. તેઓ ચાપલૂસી અને ખુશામતને સફળતાનો પર્યાય માને છે. આ રમતમાં પાછળ પડી ગયેલાં લોકો પોતાનાં કાર્યોનો શોક કરે છે. એવું નથી કે સંઘમાં હજુ પણ પ્રામાણિક કાર્યકરો નથી. હજારો છે, પરંતુ ભાજપના હાથમાં આવેલી સત્તાના વર્તમાન ચક્રવ્યૂહે તેમને હાંસિયામાં ધકેલી દીધા છે.

૨૦૧૪માં ભાજપના હાથમાં સત્તા આવી તે પછી બીજું એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન આવ્યું છે કે અચાનક નવા સ્વયંસેવકોની એક મોટી સેના ઊભરી આવી છે. જે લોકો એક સમયે ભાજપ, આરએસએસ, હિન્દુત્વ અને મોદીને શાપ આપતા હતા અને તેમની સાથે જોડાવા માંગતા ન હતા, તેઓ હવે સત્તાનાં ફળોનો આનંદ માણવા માટે લાઇનમાં ઊભા છે. તેઓ સંઘના પ્રામાણિક કાર્યકરોને પાછળ ધકેલી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે સત્તાના ચક્રવ્યૂહમાં તેઓ દરેક દરવાજા પર દ્વારપાલ બની ગયા છે અને સત્તાના સૌથી વિશ્વસનીય સૈનિકો બન્યા છે. કેટલાક મંત્રી બન્યા છે, અન્ય ઉચ્ચ બંધારણીય હોદ્દાઓ પર ચઢી ગયા છે અને અન્ય લોકો સત્તાની અન્ય સંસ્થાઓ સાથે અનુકૂલન સાધી ચૂક્યા છે અથવા સાધી રહ્યા છે અથવા તેમ કરવા માગે છે. જેમણે ક્યારેય સંઘની શાખા પણ નથી જોઈ તેમને ઊંચા હોદ્દા પર બેસાડીને તેમને સત્તા સોંપવામાં આવી રહી છે. તેનાથી RSSના પ્રામાણિક કાર્યકરોમાં વ્યાપક અસંતોષ ફેલાયો છે. જ્યારે તેઓ જુએ છે કે જેઓ તાજેતરમાં સુધી RSSની ટીકા કરતા હતા તેઓ હવે સરકાર અને RSSના પ્રિય બની ગયા છે, ત્યારે તેમને સત્તાનો આ સ્વભાવ અપ્રિય લાગે છે. તેમને લાગે છે કે RSS હવે બદલાઈ ગયું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

RSSના સમર્થકોનો ગુસ્સો વધી રહ્યો છે અને તેઓ પૂછી રહ્યા છે કે મોહન ભાગવત કેમ ચૂપ છે? આ ચોરી હિન્દુઓની શ્રદ્ધા સાથેનો દગો છે અને RSS તેની જવાબદારીમાંથી છટકી શકતું નથી

RAJ IMPERIAL INOX
Tickets Booking@Raj Imperial Inox Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે

એક્શન થ્રીલર આલ્ફા ATMOS : ૯.૦૦, ૧૦.૨૦, ૧૨.૦૦, ૧.૩૦, ૪.૨૫, ૬.૦૦, ૭.૨૦ રાત્રે : ૯.૦૦, ૧૦.૧૫
Minions and Monsters 3D હિન્દી : ૯.૦૦, ૫.૦૦, ૭.૧૦
3D હિન્દી : ATMOS : સવારે : ૧૦.૦૦
કોકટેલ-2 ૯.૧૫ ૩.૦૦, રાત્રે : ૯.૩૦
મૈં વાપસ આઉંગા (હિન્દી) : ૬.૦૫
કોમેડી, હાસ્યનું મોજુ વેલકમ ટુ ધ જંગલ રેગ્યુલર : ૧૦.૧૫, ૨.૦૦, ૫.૨૦, રાત્રેઃ ૯.૧૦
ATMOS : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૫, રાત્રે : ૯.૫૫
બેબી ડુ ડાઈ ડુ (હિન્દી): ૧૨.૨૦, રાત્રે : ૯.૧૫
જીંદગી વન્સ મોર (ગુજરાતી) : સવારે : ૧૧.૨૦
કર્મનું રહસ્ય ગુજરાતી સસ્પેન્સ ૨.૨૫

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એક્શન સંવાદો
આ લ્ફા
બોબીદેઓલ, આલિયા ભટ્ટ, અનીલકપુર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રેઃ ૯.૩૦
ફુલ કોમેડી, હાસ્યનું મોજુ
વેલ કમ ટુ ધ જં ગ લ
અક્ષયકુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રેઃ ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.